Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# ભારતીયતા: વિવિધ સંદર્ભોમાં

તૃપ્તિ છગનભાઇ પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા.

ભારતીય સંજ્ઞાને સમજવા માટે'ભારત', 'ભારતીય'અને 'ભારતીયતા' શબ્દોની સ્પષ્ટ સમજ મેળવવી જરૂરી છે. આપણા દેશનું નામ ભારત છે.'ભા'એટલે જ્ઞાન અને 'રત' એટલે આસક્ત. અર્થાત જ્ઞાન કે પ્રકાશમાં રત એવો એનો અર્થ થાય.'વિષ્ણુપુરાણ'માંભારતની પ્રસંશા કરતાં પરાશરમુનિએ કહ્યું છે:

' ઉત્તરં યત સમુદ્રસ્ય હિમાદ્રશ્ચેવ દક્ષિણમ્
વર્ષં તદ્ ભારતં નામ ભારતી યત્ર સંતતિ:

"સમુદ્રની ઉત્તરમાં અને હિમાલયની દક્ષિણમાં જે રહેલું છે તે ભારતવર્ષ અથવા ભરતખંડ છે. જેમાં ભરત રાજાની સંતતિ અથવા પ્રજા વસી છે." આમ કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી દિબ્રુગઢ વચ્ચે આવેલો વિશાળ ખંડ તે ભારત. જૈન અનુશ્રુતિ મુજબ ભગવાન ઋષભદેવના જ્યેષ્ઠ પુત્ર ભારતના નામ પરથી ભારત નામ પડ્યું. તો પાંડવવંશીય દુષ્યંતના ચક્રવર્તી પુત્ર ભરતના વંશજોને ' ભારત' કહેવામાં આવ્યા. અને તેમના નામ પરથી ભારત નામ પડયાની એક પૌરાણિક અનુશ્રુતિ પણ છે. તો 'ભારતીય' શબ્દનો અર્થ ભારતવર્ષનું કે તેને લગતું એવો થાય છે. ઋષિ અને કૃષિ સંસ્કૃતિના આ દેશમાં અનેક પ્રજા ભળીને ,ભારતના સંસ્કારોમાં ભળીને સાચો ભારતીય બનીને જીવે છે. ભારતમાં ભારતીય થઈને રહેનારા માટે સઘળું વ્યક્તિ, કુટુંબ, સમાજ, વેદો, પુરાણો, ઉપનિષદો ,દર્શનશાસ્ત્રો, રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યો, ચાર પુરુષાર્થ, ત્રણ પ્રકૃતિ ,પાપ- પુણ્ય, જન્મ-પુનઃ જન્મ, સોળ સંસ્કારો, ચોસઠ કળાઓ વગેરે તેની જણસરૂપ છે.

' સાર્થ ગૂજરાતી જોડણીકોશ ' અનુસાર 'ભારતીય' સાથે 'તા' એ સ્ત્રીલિંગના અર્થમાં જોડવાથી ' ભારતીયતા' સંજ્ઞા બને છે. શિવપ્રસાદ ભારદ્વાજ શાસ્ત્રી સંપાદિત ' સંસ્કૃત, હિન્દી, ઈંગ્લીશ ડિક્શનરી' અનુસાર "ભારતીયતાનો અર્થ ભારતના હોવાનો વિશેષ ગુણ દોષ". તો પછી આ 'ભારત' અને 'ભારતીયતા' છે શું? માત્ર એ પૃથ્વી પરનો ભૂ ભાગ છે? થોડીક નદીઓ, પર્વતો કે સમુદ્રનો એ કેવળ પ્રદેશ છે? કે કશું એથીયે વિશેષ છે? અને એના જુદા જુદા ઉત્તરો ખોળીયે છીએ ત્યારે શું એ સોએ સો ટકા સાચા હોય છે? આ કે તે એવા લક્ષણો બાંધ્યાં પછી પણ એવી

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

'ભારતીયતા' પકડમાં આવતી નથી. કશુંક ને કશુંક શેષ રહી જાય છે. સંભવ છે કે એ જ 'ભારતીયતા'નો વિશેષ હોય.

ડૉ. પ્રવીણ દરજી કહે છે," હું, ભારતીયતાનો વિચાર કરૂં છું ત્યારે મારા મનમાં કોઈ ઘેઘુર વૃક્ષની કલ્પના જાગે છે. કોઈ પણ ડાળ ઉપરનું પર્ણ લો ,એનાં રૂપ-રંગ સરખાં લાગવાના.એના ઉપર નવાં પર્ણો ફૂટે છે, જૂનાં ખરી પડે છે, છતાં પેલી ડાળીઓ અને તેનું મૂળ તો ત્યારે એક સરખાં જ રહે છે. કબીરવડની જેમ એની વડવાઈઓ પણ જતે દિવસે મૂળનું રૂપ ધારણ કરી લે છે. ક્યારેક મૂળ ખોળવું અઘરૂં બને એવો ઘાટ થઈ જાય છે. બસ પેલી ઘેઘૂરતાને જ માણ્યા કરવાનું મન થાય.આ ભારતીયતામાં પણ એવી કેટલીક બાબતો ઘર કરીને બેઠી છે."

ભારતીય સંસ્કૃતિના પ્રખર અભ્યાસુ પ્રવીણચંદ્ર પરીખે ભારતીય સંસ્કૃતિના સમન્વય અને એકાત્મતા ,સાતત્ય, વિવિધતામાં એકતા ,આધ્યાત્મિકતા અને ધર્મપ્રધાનતા તથા ધર્મસહિષ્ણુતા અને વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા જેવાં છ મૂળભૂત લક્ષણો ગણાવ્યાં છે. જે વિશે આપણે વિગતે સમજીએ.

સમન્વય અને એકાત્મતા:

સમન્વય અને એકાત્મતા એ ભારતીય સંસ્કૃતિનું મહત્વનું લક્ષણ છે. બાહ્ય તત્વોનો સમન્વય અને તેમાંના ઘણાં તત્વોને આત્મસાત કરવાના ગુણોને કારણે ભારતીય સંસ્કૃતિ વિશિષ્ટ પરિસ્થિતિઓમાં પણ ટકી રહી એટલું જ નહીં સતત વિકસતી પણ રહી. આ સ્થિતિ પ્રાગ- વૈદિક કાલ અને વૈદિક કાલથી પ્રવર્તતી જોવામાં આવે છે. આર્યોએ આર્યેતર પ્રજાઓના દેવીદેવતાઓને પોતાના દેવમંડળમાં એવી રીતે સમાવી લીધાં કે કાલાંતરે તેમના વચ્ચે કોઈ અંતર રહ્યું નહીં. પ્રાચીન સમયમાં યવન, શક, કુષાણ,હૂણ વગેરે વિદેશી આક્રમક જાતિઓએ ભારત પર આક્રમણો કર્યા અને કેટલાક ભાગોમાં રાજકીય વિજય પણ પ્રાપ્ત કર્યો. પરંતુ સમય જતાં અહીં વસતા ભારતીય જાતિઓના પ્રભાવથી એવીતો રંગાઈ ગઈ કે તે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ રાખી શકી નહીં. મહાભારતનો અભ્યાસ કરતાં જણાય છે કે, તે વખતના ભારતીય આચાર્યોએ પોતાના સામાજિક રીતરિવાજોને ઢીલા કરીને એ જાતિઓને પોતાના સમાજમાં ગૌરવપૂર્ણ સ્થાન આપ્યું. રાજા મિનેન્દ્રે બૌદ્ધધર્મ અંગિકાર કર્યો. કુષાણોએ ભાગવત તેમજ બૌદ્ધધર્મ ,તો શકોએ શૈવધર્મ અપનાવ્યો. હૂણ રાજા મિહિરકુલે પણ શૈવધર્મ અંગિકાર કર્યો.

આમ, હુણો સુધી ભારતમાં આવનારી ,કહો કે ઈ. સ. ની પાંચમી સદી સુધી ભારતમાં આવનારી બધી પ્રજાઓને ભારતીય સંસ્કૃતિ પોતાના ઉદરમાં સમાવીને એકરસ કરવામાં સફળ થઈ.જો કે, એ પછીના મધ્યકાલીન સમયમાં ઇસ્લામી સંસ્કૃતિ ધરાવતી અરબ, અફઘાન, તુર્ક

વગેરે જાતિઓને તે આત્મસાત કરી શકી નહીં. અલબત્ત લાંબા સમયના સહવાસ અને સતત સંપર્કને કારણે બંને સંસ્કૃતિઓ પર એકબીજાનો પ્રભાવ પડ્યો. પ્રાચીનકાળ કે મધ્યકાળમાં ભારતીય સંસ્કૃતિએ વિદેશી તત્વોને ગ્રહણ કરવામાં ક્યારેય સંકુચિત દૃષ્ટિકોણ રાખ્યો નહોતો. તો સાથે સાથે તેમના ઋણ ને સ્વીકારવામાં પણ સંકોચ દાખવ્યો નહોતો. આ રીતે ભારતીય સંસ્કૃતિએ અનેક પ્રકારની ભાષાઓ તેમજ એકબીજાથી વિરોધાભાસી જણાતા રીતિરીવાજો અને પરંપરાઓનો સમન્વય સાધીને દેશના વિશાળ જનમાનસમાં એકાત્મતાનો ઉચ્ચ આદર્શ સ્થાપિત કર્યો છે.

સાતત્ય:

સાતત્ય એ ભારતીય સંસ્કૃતિનો અક્ષુણપણે વહે જતો પ્રવાહ છે. એમાં વખતો વખત નવાં નીર ઉમેરાયાં છે. પરંતુ તેનું આંતરિક સ્વરૂપ તો આજે પણ અકબંધ રહ્યું છે. સુમેર, બાબિલોનીયા, ગ્રીસ કે રોમની ભવ્ય સંસ્કૃતિઓ નષ્ટ થઈ ને ભૂતકાળની કથા માત્ર બની ગઈ છે. ત્યારે આધુનિક ભારતના સાંસ્કૃતિક જીવનનો આધાર આજે પણ પ્રાચીનકાળમાં હતો તે જ છે. જેમકે બે હજાર વર્ષ પહેલાં રામ અને કૃષ્ણને ભારતવાસીઓ પોતાના આદર્શ મહાપુરુષો માનતા અને તેમના જીવનમાંથી પ્રેરણા મેળવતા અને તેઓ આજે પણ તેમ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં વખતોવખત જે પરિવર્તન થયું છે તે કેવળ એનાં બાહ્ય આવરણોમાં થયું છે. તેનાં મૂળ તત્ત્વો તો છેક વૈદિકકાળમાં હતાં તે આજે પણ છે. ઓગણીસમી અને વીસમી સદીમાં રામકૃષ્ણ, દયાનંદ, વિવેકાનંદ શ્રી અરવિંદ,ટિળક, ટાગોર, ગાંધીજી, વિનોબા- આ બધા મહાપુરુષોએ વેદો, ઉપનિષદો અને ભગવદગીતામાંથી પ્રેરણા પ્રાપ્ત કરી છે. ભારતમાં સંસ્કૃતને હંમેશા ગીર્વાણગિરા - દેવવાણી માનવામાં આવે છે. ભારતની સેંકડો ભાષાઓ અને બોલીઓ તેની દુહિતાઓ છે, જે આજે પણ પોતાનું શબ્દભંડોળ સંસ્કૃતમાંથી ભરે છે. એનું સાહિત્ય આજે પણ ભારતીય ભાષાઓને સ્ફૂર્તિ આપે છે. ધર્મ અને દર્શનના ક્ષેત્રમાં આ સાતત્ય વધુ સ્પષ્ટ રીતે વર્તાય છે. શિવ અને શક્તિ તેમજ માતૃકાઓની ઉપાસના ઐતિહાસિક કાળમાં શરૂ થઈ અને તે આજે પણ ચાલુ છે. વૈદિક દેવતાઓ હજી પણ હિન્દુ પરિવારોમાં પૂજાય છે. આમ સાતત્ય એ ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે.

વિવિધતામાં એકતા:

વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતા એ ભારતીય સંસ્કૃતિની આગળ તરી આવતી વિશેષતા છે. અહીં ભૂમિ અને આબોહવાનું તો ભારે વૈવિધ્ય છે જ,સાથે સાથે વિવિધ જાતિઓ અને વિવિધ મુખાકૃતિઓ અને વિવિધ શારીરિક વર્ણો ધરાવતા લોકો, તેમના દ્વારા

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

પળાતા જુદા જુદા ધર્મો અને સંપ્રદાયો, પ્રદેશભેદે બોલાતી વિવિધ ભાષાઓ તેમજ બોલીઓ - એવું ઘણુંબધું વૈવિધ્ય છે. આવું વૈવિધ્ય હોવા છતાં ભારતમાં ભૌગોલિક, સામાજિક, ધાર્મિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક એકતા અનુભવાય છે. આ લક્ષણ છેક પ્રાચીનકાળથી માંડીને વર્તમાનકાળ સુધી પ્રવર્તતું જોવામાં આવે છે. આવી એકતા અને અખંડિતતા મોટાભાગના ભારતીયોની ધાર્મિક આસ્થાઓમાં વ્યક્ત થાય છે. ભારતના કોઈ એક પ્રદેશનો નિવાસી અન્ય પ્રદેશોમાં આવેલાં પવિત્ર સ્થળો માટે શ્રદ્ધા અને આદર ધરાવે છે. જેમકે, ગોદાવરી, કાવેરી અને નર્મદાને પવિત્ર માનનારા લોકો ગંગા, યમુના, સિંધુ કે સરસ્વતીને પણ એટલી જ પાવન માને છે. આસામી કવિ શંકરદેવ ' ધન્ય ધન્ય ભારતવર્ષ' એવો જે તૃપ્તિકર ઉદગાર કાઢે છે તેમાં ભારત એક ' Unified Cultural Zone' ની વાત વધુ ઉપસી આવે છે મુસ્લિમોની વિચારધારાએ, સંતોની વિચારધારાએ પણ પેલા મૂળ કેન્દ્રને જ એક યા બીજી રીતે પરિપૃષ્ઠ કર્યું છે. અમીર ખુશરો જેવા કવિના 'Nine Skies' માં પ્રગટતા વિભાવમાં પશુ-પક્ષી, વિજ્ઞાન, ભાષા, ધર્મ, ફૂલો વગેરેની સાથે સિંધી, લાહોરી, ગુર્જર, કાશ્મીરી, બંગાળી જેવી ભાષાઓનો પણ નિર્દેશ છે. ભાષા અને ભૂ- ભાગથી વીંટળાયેલી આવી ભાવાત્મક વિભાવ સૃષ્ટિનો કબીર, તુકારામ, નાનક, મીરાં જેવાં અનેક સંતો પણ અનુભવ કરાવી રહે છે. ભારતીય સંસ્કૃતિમાં દેખાતી આ આંતરિક એકતા એટલી તો ઊંડી અને વ્યાપક છે કે, બાહ્ય રૂપે દેખાતી વિવિધતા તેની આગળ શિથિલ થઈ જાય છે.

આધ્યાત્મિકતા અને ધર્મપ્રધાનતા:

આધ્યાત્મિકતા અને ધર્મપ્રધાનતા પણ ભારતીય સંસ્કૃતિની નોંધનીય વિશેષતા છે. અનાસક્તિપૂર્ણ જીવન ભારતીય ધર્મ અને સંસ્કૃતિનું મહત્વપૂર્ણ અને આવશ્યક અંગ ગણાયું છે. મનુષ્યે સંસારમાં અનાસક્તપણે રહી પોતાનાં કર્તવ્યો બજાવવાં જોઈએ. રામાયણ, મહાભારત જેવાં ઉદાત્ત મહાકાવ્યો, બૌદ્ધ અને જૈનધર્મ તથા તે પછીના કાળમાં થયેલા આચાર્યો, સંતો અને મહાત્માઓના વાણી- વર્તનમાં પણ આ ભાવના વ્યક્ત થાય છે. ભારતીય સંસ્કૃતિની આ વિશેષતાના કારણે તેના પર અતિધાર્મિકપણાનો આરોપ કરવામાં આવે છે. પરંતુ આવા આરોપોમાં કોઈ તથ્ય નથી. ભારતીય સંસ્કૃતિ આધ્યાત્મિક હોવા છતાં તેમાં આ લોકના સુખની ઉપેક્ષા કરી નથી. ભારતીયો દ્વારા પ્રાચીનકાળમાં તેમજ વર્તમાન સમયમાં થયેલ ભૌતિક અને વૈજ્ઞાનિક પ્રગતિ આના પ્રમાણરૂપ છે. ભારતીય તત્ત્વચિંતકોએ તો હંમેશા જીવનના સર્વતોમુખી વિકાસ પર જ ભાર મૂક્યો છે. તેમણે મનુષ્ય માટે જે લક્ષ્ય નિર્ધારિત કર્યું છે તેમાં ધર્મ અને મોક્ષની સાથે સાથે અર્થ અને કામનું પણ યથોચિત મહત્વ સ્વીકારેલું છે. ભારતીય સંસ્કૃતિએ તો

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

આખી પૃથ્વીને પોતાનું કુટુંબ માન્યું છે.' વસુધૈવ કુંટુંબકમ્' ની ભાવનાને વરેલ ભારતીય સંસ્કૃતિમાં ' સર્વે ભવન્તુ સુખીનઃ' - બધાં પ્રાણીઓના હિતની કામના પણ કરી છે. આવા મૂળમંત્રો ભારતીય સંસ્કૃતિની આધ્યાત્મિકતા અને ધર્મપ્રધાનતાના પાયામાં રહેલા છે.

ધર્મસહિષ્ણુતા અને વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા:

ધર્મસહિષ્ણુતા અને વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા એ પણ ભારતીય સંસ્કૃતિનું એક વિશિષ્ટ અને આગવું લક્ષણ છે. આ ગુણનું મહત્વ એટલા માટે વધી જાય છે કે, સભ્યતાનો દંભ કરનારા અનેક દેશોએ આધુનિક સમયમાં પણ ધર્મ, સમાજ કે વર્ગ પ્રત્યે અસહિષ્ણુ થઈને લાખો નિર્દોષ લોકોની હત્યા કરી છે. આવી ધર્માંધતા અને આવા સંકુચિત દૃષ્ટિકોણનો અભાવ એ ભારતીય સંસ્કૃતિની ગૌરવપ્રદ વિશેષતા છે. ભારત અનેક દેવદેવીઓની ઉપાસના કરનારો દેશ રહ્યો છે. ભારતમાં ધાર્મિક પૂજા ઉપાસનાના અનેક રૂપો એકસાથે પ્રચલિત રહ્યાં છે. હિન્દુધર્મમાં અનેક ઉપાસ્ય દેવો અને મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ માટેના જ્ઞાન, યોગ, ભક્તિ, કર્મ જેવા વિવિધ માર્ગો પ્રચલિત રહ્યા છે. હિંદુધર્મમાં અનેક દાર્શનિક સિદ્ધાંતો પણ પ્રચલિત છે. સાધારણ રીતે હિંદુ આ વિવિધ સિદ્ધાંતો અને માર્ગો પ્રત્યે સહિષ્ણુ હોય છે. ભારતવાસીઓ હંમેશા આ સિધ્ધાંતોને માનતા આવ્યા છે કે ઈશ્વર અવ્યક્ત, અચિંત્ય અને માનવબુદ્ધિથી પર છે. અને જુદા જુદા ધર્મો તેમજ ઉપાસના પધ્ધતિઓ તેના સુધી પહોંચવાના માર્ગ છે. ઋગ્વેદમાં કહ્યું છે તેમ' એકં સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ ' (સત્ તો એક જ છે, પણ જ્ઞાની પુરુષો તેનું અનેક પ્રકારે વર્ણન કરે છે.) ઉપનિષદોમાં પણ આ મત પ્રગટ થાય છે. એક રીતે જોઈએ તો ગીતાનો મુખ્ય વિષય જ ધાર્મિક સહિષ્ણુતા છે. તો જૈનધર્મમાં પણ આ ભાવનાને અનેકાંતવાદ અને સ્યાદવાદ દ્વારા દાર્શનિક રીતે પ્રતિપાદિત કરવામાં આવી છે. વિચારોની અભિવ્યક્તિની આવી સ્વતંત્રતાને લઈને ભારતમાં જેટલું આધ્યાત્મિક ચિંતન થયું છે તેટલું જગતના બીજા દેશોમાં કે ધર્મમાં થયું નથી. વિચારોની અભિવ્યક્તિને કારણે બૌધ્ધ, જૈન, ભાગવત, શૈવ વગેરે અનેક મતમતાંતરોની સૃષ્ટિ ઊભી થઈ. હિંદુ ધર્મમાં એવા કેટલાક સંપ્રદાયો છે, જેમના સિધ્ધાંતો એકબીજાથી સાવ ભિન્ન છે. આમ છતાં સૃષ્ટિનિયંતા, સર્વશક્તિમાન ઈશ્વર, કર્મ,પુનર્જન્મના સિધ્ધાંતો વગેરે મૂળભૂત સિધ્ધાંતો લગભગ બધા ભારતીય ધર્મોમાં સ્વીકારાયા છે. ભારતીય ધર્મોમાં સત્ય, અહિંસા, અસ્તેય ,બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવા સિધ્ધાંતોને ખૂબ મહત્વ અપાયું છે. વૈચારિક સ્વાતંત્ર્ય અને ધાર્મિક સહિષ્ણુતાના કારણે બીજા દેશોની અને બીજા ધર્મોની તુલનામાં ભારતમાં ધાર્મિકકટ્ટરતાનો અભાવ વર્તાય છે. સમગ્રતયા વિચારીએ તો ભારતીયતા એક એવી

જીવનપધ્ધતિ છે જેમાં મનુષ્યનું સામૂહિક ઉન્નયન છે,સત્ય માટેની સામૂહિક મથામણ છે, જ્યાં મંગલકામના છે,સર્વના કલ્યાણનો ઉદેશ છે. એમાં' સ્વ' ને ઓગાળી સર્વના ઉદયની ચેષ્ટા છે, દેશથી પણ ઊંચું અહીં સત્ય છે શ્રદ્ધા-સબૂરી ભારતીયપ્રજાની મૂડી છે. પ્રેમ તેમની જીવનરીતિ છે. ત્યાગ તેમની પ્રકૃતિ છે. ભારતીયતા ચૈતન્યસભર ,નિત્ય વિકસતી, પ્રાણવંત તત્ત્વોને સાથે લઈને ચાલતી તત્ત્વધારા છે, જીવનસંવેદના છે.

સંદર્ભ:

1 'ભારતીય શબ્દ અને સંવેદના' - પ્રવીણ દરજી, રન્નાદે પ્રકાશન પ્રથમ આવૃત્તિ 2010
2 ગુજરાતી વિશ્વકોશ ખંડ-14
પ્રમુખ સંપાદક : ડો. ધીરૂભાઇ ઠાકર
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ 2001